સ્પોર્ટ્સ લાઈન

૮

બુધવાર ૮ એપ્રિલ, ૨૦૨૬

IPL 2026 આજની મેચ | DC Vs GT | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: દિલ્હી

ટીમ	મેચ	જીત	હાર	રદ	પોઇન્ટ	નેટ રન
RR	3	3	0	0	6	2.403
PBKS	3	2	0	1	5	0.637
RCB	2	2	0	0	4	2.501
DC	2	2	0	0	4	1.170
SRH	3	1	2	0	2	0.275
LSG	2	1	1	0	2	-0.542
MI	3	1	2	0	2	-0.715
KKR	3	0	2	1	1	-1.964
GT	2	0	2	0	0	-0.424
CSK	3	0	3	0	0	-2.517

ભારતને ફરી 'ટોપ' પર પહોંચાડવાનો

ટેસ્ટ માટે 'માસ્ટર પ્લાન' : યુવા પ્રતિભા પર ધ્યાન

ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI) હવે ટેસ્ટ ક્રિકેટમાં લાંબા ગાળાના પ્રભુત્વ માટે સજ્જ થયું છે. તાજેતરના પડકારોને ધ્યાનમાં રાખીને, વૈભવ સૂર્યવંશી અને આયુષ મ્હાત્રે જેવા ઉભરતા સિતારાઓને તૈયાર કરવા માટે એક વિશેષ બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી દાયકા માટે લાલ બોલના નિષ્ણાત ખેલાડીઓની મજબૂત 'સપ્લાય ચેઇન' ઊભી કરવાનો છે.

વૈભવ સૂર્યવંશી: ટીમ ઈન્ડિયાનો આગામી 'રાઈઝિંગ સ્ટાર'

ભારતીય ક્રિકેટ જગતમાં એક મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. કિશોર વયના સનસનાટીભર્યા ખેલાડી વૈભવ સૂર્યવંશીને સિનિયર રાષ્ટ્રીય ટીમમાં ભાવિ ભૂમિકા માટે તૈયાર કરવામાં આવી રહ્યો છે. આયુષ મ્હાત્રે જેવા અન્ય આશાસ્પદ યુવાનો સાથે, BCCI એ ભારતની રેડ-બોલ (ટેસ્ટ) ક્રિકેટ પાઇપલાઇનને મજબૂત કરવા માટે એક સુવ્યવસ્થિત યોજના ઘડી છે.

લાંબા ફોર્મેટ માટેની ટેલેન્ટના વિકાસ પર વિશેષ ધ્યાન

આ પહેલનો ઉદ્દેશ્ય વહેલી તકે લાંબા ફોર્મેટના નિષ્ણાતોને ઓળખવાનો છે. ખેલાડીઓને ટેસ્ટ ક્રિકેટ માટે માનસિક અને તકનીકી રીતે તૈયાર કરવા માટે બેંગલુરુમાં હાઇ-પરફોર્મન્સ કેમ્પને પ્રાધાન્ય આપવામાં આવશે. પસંદગીકારોને સૂચના આપવામાં આવી છે કે તેઓ ઓછામાં ઓછા એક વર્ષ સુધી આ યુવા પ્રતિભાઓના 'ગ્રૂમિંગ' પર ધ્યાન કેન્દ્રિત કરે.

શા માટે આ યોજના અનિવાર્ય બની?

ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા સામેના તાજેતરના ફટકા અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલ સુધી પહોંચવાની ઓછી થયેલી તકોએ બોર્ડને તેની લાંબા ગાળાની વ્યૂહરચના પર પુનર્વિચાર કરવા મજબૂર કર્યું છે. હવે ધ્યાન આગામી ૧૦ વર્ષ માટે લાલ બોલના નિષ્ણાત ખેલાડીઓની તૈયાર ફોજ તૈયાર કરવા પર છે.

ખાસ રેડ-બોલ ટુર્નામેન્ટનું આયોજન

BCCI ના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) ખાતે VVS લક્ષ્મણના માર્ગદર્શન હેઠળ, જૂન-જુલાઈમાં ચાર દિવસીય ઇન્ટ્રા-સ્ક્વોડ રેડ-બોલ ટુર્નમિન્ટનું આયોજન કરવામાં આવશે:

» ૨૫ વર્ષથી ઓછી ઉંમરના ૬૪ ખેલાડીઓ ભાગ લેશે.
» ખેલાડીઓને ૪ ટીમોમાં (દરેકમાં ૧૬) વહેંચવામાં આવશે.
» દરેક ટીમ બે મલ્ટી-ડે (બહુ-દિવસીય) મેચ રમશે.
» વાસ્તવિક ટેસ્ટ પરિસ્થિતિઓનો અનુભવ આપવા માટે વિવિધ પ્રકારની પિચો પર મેચો રમાશે.



સિનિયર નેતૃત્વ હેઠળનો રોડમેપ

મુખ્ય પસંદગીકાર અજીત અગરકર અને હેડ કોચ ગૌતમ ગંભીરની દેખરેખ હેઠળ આ સમગ્ર માર્ગ નકશો તૈયાર કરવામાં આવશે:

» ઇમર્જિંગ સ્ક્વોડ માટે માત્ર ૨૫ વર્ષથી ઓછી ઉંમરના ખેલાડીઓ પર જ વિચાર કરવામાં આવશે.
» આ ખેલાડીઓ 'ઈન્ડિયા A' ના શેડો ટૂરનો પણ ભાગ બનશે.
» IPL ૨૦૨૬ પછી, પસંદ કરાયેલી ટીમો ચાર દિવસીય મેચો માટે શ્રીલંકાના પ્રવાસે જશે.

પસંદગીની પ્રક્રિયા

» જૂનિયર પસંદગી સમિતિ દ્વારા ૨૫ ખેલાડીઓ (U-23) પસંદ કરવામાં આવશે.
» સિનિયર પસંદગીકારો અન્ય ૨૫ ખેલાડીઓ (U-23 ,U-25) ની પસંદગી કરશે.
» ૧૪ IPL ખેલાડીઓ (સૂર્યવંશી અને મ્હાત્રે સહિત) નો પણ સમાવેશ કરવામાં આવશે.
» આ પસંદગી રણજી ટ્રોફી, વિજય હઝારે ટ્રોફી અને સૈયદ મુસ્તાક અલી ટ્રોફીના પ્રદર્શન પર આધારિત હશે.

વૈભવ સૂર્યવંશી જેવાઓ માટે સુવર્ણ તક

માત્ર ૧૫ વર્ષની ઉંમરે, વૈભવ સૂર્યવંશી પહેલેથી જ ભારતીય સિનિયર ટીમ તરફના ફાસ્ટ-ટ્રેક માર્ગ પર છે. જો કે, ડેબ્યૂ કરતા પહેલા તેણે લાંબા ફોર્મેટ અને હાઇ-પરફોર્મન્સ સેટઅપમાં પોતાની જાતને સાબિત કરવી પડશે. આ અભિગમ ભારતીય ક્રિકેટમાં મોટા પરિવર્તનનો સંકેત છે–જ્યાં માત્ર પ્રતિભા જ નહીં, પણ ટેસ્ટ ક્રિકેટમાં લાંબા ગાળાની સાતત્યતા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

ગુજરાત સામે આજે દિલ્હીની નજર પોતાના ટોપ-ઓર્ડર પર

બોલિંગ અને બેટિંગ બંને વિભાગમાં નિષ્ફળ રહેલી ગુજરાત ટાઇટન્સ માટે લયમાં આવવું મહત્વનું

સાંજે 7-30થી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

નવી દિલ્હી, તા. 07 (પીટીઆઈ) : ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં આવતીકાલે બુધવારે અહીં રમાનારી મેચમાં દિલ્હી કેપિટલ્સ સંઘર્ષ કરી રહેલી ગુજરાત ટાઇટન્સ સામે મેદાને ઉતરશે ત્યારે પોતાની રિધમ જાળવી રાખવા માટે કેએલ રાહુલના નેતૃત્વ હેઠળના મજબૂત ટોપ-ઓર્ડર બેટિંગ યુનિટ સાથે જોરદાર પ્રદર્શન કરવું પડશે.

દિલ્હી કેપિટલ્સે બોલ સાથે સારું પ્રદર્શન કર્યું છે, તેમની છેલ્લી કેટલીક મેચ જીતી છે. 22 વર્ષીય સમીર રિઝવીએ બેટ સાથે વધુ જવાબદારી લીધી છે. આ યુવા બેટ્સમેને તેની ધીરજ અને કુશળતાથી પ્રભાવિત કર્યા છે. જો રાહુલ અને અન્ય ટોચના ક્રમના બેટ્સમેન ફોર્મમાં આવી જાય, તો દિલ્હી કેપિટલ્સ વધુ મજબૂત ટીમ બનશે. રાહુલને તેની પહેલી બે ઇનિંગ્સમાં જે રીતે આઉટ કરવામાં આવ્યો છે તેના માટે તેને દોષી ઠેરવી શકાય નહીં, અને તે ગમે ત્યારે મોટો સ્કોર કરી શકે છે. જોકે, નીતિશ રાણા ત્રીજા નંબર પર નિષ્ફળ રહ્યો છે અને તે સ્થાન પર દબાણ અનુભવી રહ્યો હોય તેવું લાગે છે. શ્રીલંકાના ઓપનર પથુમ નિસાન્કાએ અહીં પાછલી મેચમાં પોતાની લય શોધી કાઢી હતી.

BCBના પ્રમુખપદેથી અમીનુલ ઈસ્લામને હટાવાયા

બોર્ડના રોજિંદા કામકાજને ચલાવવા બનાવાયેલી એડ-હોક કમિટીના વડા તરીકે તમીમ ઇકબાલની નિયુક્તિ

તમીમની આગેવાની હેઠળની 11 સભ્યોની એડ હોક કમિટીને 90 દિવસમાં બોર્ડની ચૂંટણી યોજવાનું કામ સોંપાયું

ઢાકા, તા. 07 (પીટીઆઈ) : બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) દ્વારા ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) ને દ્વિપક્ષીય સંબંધો ફરી શરૂ કરવા વિનંતી કર્યાના થોડા દિવસો પછી, દેશની રાષ્ટ્રીય રમતગમત પરિષદ (એનએસસી) એ મંગળવારે માજી કેપ્ટન અને બીસીબીના પ્રમુખ અમીનુલ ઈસ્લામ બુલબુલને પદ પરથી હટાવી દઈને નવી ચૂંટણીઓ થાય ત્યાં સુધી બોર્ડના રોજિંદા કામકાજ ચલાવવા માટે એક એડ-હોક કમિટીની રચના કરી છે.

બીસીબીના સૂત્રોના જણાવ્યા અનુસાર, બુલબુલને હટાવવાનું મુખ્ય કારણ ટી-20 વર્લ્ડકપની આસપાસના વિવાદ હતો. તે સમયે, વચગાળાની સરકારના સલાહકાર આસિફ નજરુલે માજી કેપ્ટનને લગભગ ઘેરી લીધા હતા અને રાષ્ટ્રીય ટીમને વૈશ્વિક ઈવેન્ટ માટે ભારત જતા અટકાવી હતી. ભારત વિરોધી કટ્ટરપંથી નઝરુલે મુસ્તફિઝુર રહેમાનને આઈપીએલમાંથી દૂર કરવાના વિરોધમાં બાંગ્લાદેશની ટી-20 વર્લ્ડકપ મેચો કોલકાતા અને મુંબઈથી શ્રીલંકા ખસેડવાની માંગ કરી હતી.

બુલબુલ સમગ્ર મામલામાં મૂક પ્રેક્ષક રહ્યા અને છેલ્લા કેટલાક દિવસોમાં, તેમના કારણે બીસીબીના છ ડિરેક્ટરોએ રાજીનામું આપ્યું. બાંગ્લાદેશના માજી કેપ્ટન અને દેશના દિગ્ગજ ઓપનિંગ બેટ્સમેન, તમીમ ઇકબાલને 11 સભ્યોની એડ-હોક કમિટીના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેને આગામી 90 દિવસમાં ક્રિકેટ બોર્ડની ચૂંટણીઓ યોજવાનું કામ સોંપવામાં આવ્યું છે.

એનએસસી ડિરેક્ટર અમીનુલ એહસાનના જણાવ્યા અનુસાર, વર્તમાન બીસીબ બોર્ડને વિસર્જન કરીને એડ-હોક કમિટી બનાવવાના નિર્ણયની જાણ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) ને કરવામાં આવી છે. જોકે આઇસીસીના નિયમો સરકાર અથવા કોઈપણ બાહ્ય સંસ્થા દ્વારા બોર્ડના કામકાજમાં દખલગીરીની મંજૂરી આપતા નથી, પરંતુ એનએસસી દ્વારા ચૂંટણી યોજવાની અંતિમ તારીખ પહેલાથી જ જાહેર કરવામાં આવી હોવાથી વૈશ્વિક સંસ્થા BCB પર પ્રતિબંધ મૂકે તેવી શક્યતા ઓછી છે.

તમીમની આગેવાની હેઠળની એડ હોક કમિટી

તમીમની આગેવાની હેઠળની એડ-હોક કમિટીમાં અતહર અલી ખાન, રશના ઇમામ, મિર્ઝા યાસિર અબ્બાસ, સૈયદ ઇબ્રાહિમ અહેમદ, મિન્હાજુલ આબેદીન નાનુ, ઇશરફિલ ખુસરો, તંજીમ ચૌધરી, સલમાન ઇસ્પહાની, રફીકુલ ઇસ્લામ અને ફહીમ સિંહાનો સમાવેશ થાય છે.

ડેવિડ વોર્નરની દારૂ પીને ગાડી ચલાવવા બદલ ધરપકડ

સિડનીમાં રેન્ડમ બ્રેથ ટેસ્ટ દરમિયાન વોર્નર નિર્ધારિત મર્યાદા કરતા વધુ નશામાં હોવાનું જણાયું

સિડની, તા. 07 (પીટીઆઇ) : ઓસ્ટ્રેલિયાના માજી ઓપનર ડેવિડ વોર્નરની મંગળવારે અહીંના મારોબ્રા વિસ્તારમાં ડ્રિંક એન્ડ ડ્રાઇવ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. એક રેન્ડમ બ્રેથ ટેસ્ટ દરમિયાન તે નિર્ધારિત મર્યાદા કરતા વધુ નશામાં હોવાનું જણાયું હતું.

સેવન ન્યૂઝના અહેવાલ મુજબ, વોર્નર આવતા મહિને કોર્ટમાં હાજર થશે. અહેવાલમાં જણાવ્યા અનુસાર, મારોબ્રા પોલીસે વોર્નરના વાહનને અટકાવ્યું હતું, જે માલાબાર રોડ પર ટેસ્ટિંગ સાઇટથી થોડે દૂર ઊભું હતું. જ્યારે તેનો બ્રેથ ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે તે પોઝિટિવ આવ્યો હતો.

હાલમાં પાકિસ્તાન ક્રિકેટ લીગ (પીએસએલ)માં કરાચી કિંગ્સ તરફથી રમી રહેલા આ 39 વર્ષીય બેટ્સમેનને સ્થાનિક પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. ત્યાં ફરીથી કરવામાં આવેલા ટેસ્ટમાં તેનું રીડિંગ 0.104 આવ્યું હતું, જે કાયદેસરની મર્યાદા કરતા બમણું છે. ત્યારબાદ તેને પોલીસ સ્ટેશનથી છોડી દેવામાં આવ્યો હતો. પોલીસ નિવેદનમાં લખ્યું હતું કે વોર્નરને ગુરુવાર 7 મે 2026ના રોજ ડાઉનિંગ સેન્ટર લોકલ કોર્ટમાં હાજર થવા માટે મધ્યમ-શ્રેણીના PCA સાથે ડ્રાઇવ માટે ફીલ્ડ કોર્ટ હાજરી નોટિસ જારી કરવામાં આવી હતી. જોકે, આ કાનૂની કાર્યવાહી વોર્નરની પીએસએલ 2026માં ભાગ લેવા માટેની મુસાફરીમાં કોઈ અડચણ ઊભી કરશે નહીં.

દિલ્હીને ફટકો, સ્ટાર્ક વધુ ત્રણ મેચ ગુમાવશે

નવી દિલ્હી, તા. 07 : સ્ટાર ઝડપી બોલર મિચેલ સ્ટાર્ક હજુ વધુ થોડા સમય માટે અનુપલબ્ધ રહેશે તેવી શક્યતાને પગલે દિલ્હી કેપિટલ્સને મોટો ફટકો પડ્યો છે. અક્ષર પટેલની આગેવાની હેઠળની ટીમે આઈપીઓએલ 2026ની શરૂઆત આશાસ્પદ રીતે કરી છે, લખનૌ સુપર જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ સામેની તેમની શરૂઆતની બે મેચ જીતી છે. જોકે, સ્ટાર્ક હજુ સુધી ટીમમાં જોડાયો નથી, તેથી હાલમાં ઝડપી બોલિંગ આક્રમણનું નેતૃત્વ મુકેશ કુમાર અને ટી નટરાજન કરી રહ્યા છે. અહેવાલ અનુસાર સ્ટાર્ક હવે ડીસી માટે ઓછામાં ઓછી ત્રણ વધુ મેચ ગુમાવશે તેવી શક્યતા છે.

ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર ખભા અને કોણીની ઈજાઓમાંથી સ્વસ્થ થઈ રહ્યો હોવાના અહેવાલ છે અને 20 એપ્રિલ પછી જ ડીસી કેમ્પમાં જોડાય તેવી શક્યતા છે. ત્યાં સુધી, દિલ્હી કેપિટલ્સ 8 એપ્રિલે ગુજરાત ટાઇટન્સ, 11 એપ્રિલે ચેન્નાઈ સુપર કિંગ્સ અને 18 એપ્રિલે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનો સામનો કરશે.

ભારતીય શૂટર્સ પલક-મુકેશે મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં વર્લ્ડ રેકોર્ડ સાથે ગોલ્ડ જીત્યો

ગ્રેનાડા (સ્પેન), તા. 07 (પીટીઆઈ) : ભારતીય શૂટર્સ પલક અને મુકેશ નેલાવલ્લીએ મંગળવારે અહીં આઈએસએસએફ રાઈફલ અને પિસ્તોલ વર્લ્ડકપમાં 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં વર્લ્ડ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. પલક અને મુકેશની ભારતીય જોડી કુલ 487.7 પોઈન્ટ સાથે ચાર્ટમાં ટોચ પર રહી, જે એક જુનિયર વર્લ્ડ રેકોર્ડ પણ છે. ચીનની કિઆનસુન યાઓ અને કાઈ હુની જોડીએ કુલ 484.8 પોઈન્ટ સાથે સિલ્વર જ્યારે હંગેરીની વેરોનિકા મેજર અને અકોસ કરોલી નાગીની જોડીએ કુલ 414.9 પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.

વરસાદ પ્રભાવિત મેચમાં રાજસ્થાને મુંબઈને હરાવ્યું

11 ઓવરની કરાયેલી મેચમાં રાજસ્થાને જયસ્વાલની અર્ધસદીથી ત્રણ વિકેટે 150 રન બનાવ્યા

ટોપ ઓર્ડર ફેલ જતાં મુંબઇ ઇન્ડિયન્સ નવ વિકેટે 129 રનના સ્કોર સુધી સિમિત રહ્યું

ગુવાહાટી, તા. 07 : આઈપીએલની વરસાદથી પ્રભાવિત થતાં 11 ઓવર સુધી ટૂંકાવાયેલી મેચમાં આજે મંગળવારે અહીં ઓપનર યશસ્વી જયસ્વાલની ધમાકેદાર અડધી સદીની મદદથી રાજસ્થાન રોયલ્સે ત્રણ વિકેટે 150 રન બનાવ્યા પછી સ્કોર બોર્ડના પ્રેશર સામે મુંબઈ ઈન્ડિયન્સનું ટોપ ઓર્ડર ફેલ જતાં તેઓ નવ વિકેટે 129 રન સુધી સિમિત રહેતાં રાજસ્થાન રોયલ્સે આ મેચ 27 રને જીતી હતી.

આ પહેલા ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો તે પછી જયસ્વાલે 32 બોલમાં ચાર છગ્ગા અને 10 ચોગ્ગાની મદદથી નોટઆઉટ 77 રન બનાવ્યા અને 14 બોલમાં 39 રન કરનારા વૈભવ સૂર્યવંશી સાથે પાંચ ઓવરમાં 80 રન ઉમેરીને રોયલ્સને શાનદાર શરૂઆત અપાવી હતી. અગાઉ, વરસાદને કારણે, મેચ બે કલાક અને 40 મિનિટ મોડી શરૂ થઈ હતી, જેના કારણે તેને 11 ઓવરની કરવામાં આવી હતી.

રાજસ્થાન રોયલ્સ	રન	બોલ	4	6
જયસ્વાલ નોટઆઉટ	77	32	10	4
વૈભવ કો.તિલક બો.શાર્દુલ	39	14	1	5
જુરેલ LB બો.ઘઝનફર	2	3	0	0
પરાગ કો.તિલક બો.ઘઝનફર	20	10	1	2
હેટમાયર નોટઆઉટ	6	7	0	0
વધારાના	6			
કુલ (11 ઓવરમાં ત્રણ વિકેટ)	150			

વિકેટપતન : 1/80, 2/84, 3/121

બોલિંગ	O	M	R	W
દીપક ચાહર	1	0	22	0
જસપ્રીત બુમરાહ	3	0	32	0
ટ્રેન્ટ બોલ્ટ	1	0	22	0
હાર્દિક પંડ્યા	2	0	17	0
શાર્દુલ ઠાકુર	2	0	36	1
એએમ ઘઝનફર	2	0	21	2

મુંબઇ ઇન્ડિયન્સ	રન	બોલ	4	6
રોહિત LB બો.સંદીપ	5	6	0	0
સૂર્યા કો.આર્ચર બો.બર્જર	6	3	0	1
તિલક કો.હેટમાયર બો.બિશ્નોઇ	14	10	2	0
હાર્દિક કો.જયસ્વાલ બો.બિશ્નોઇ	9	6	2	0
નમન કો.બિશ્નોઇ બો.બર્જર	25	13	3	1
રધરફોર્ડ કો. સંદીપ બો.દેશપાંડે	25	8	2	2
શાર્દુલ કો.જુરેલ બો.સંદીપ	8	7	1	0
દીપક નોટઆઉટ	6	5	1	0
બોલ્ટ રનઆઉટ	1	2	0	0
બુમરાહ નોટઆઉટ	5	2	1	0
વધારાના	11			
કુલ (11 ઓવરમાં નવ વિકેટ)	123			

વિકેટપતન : 1/10, 2/20, 3/22, 4/41, 5-46, 6/93, 7/103, 8/111, 9/116

બોલિંગ	O	M	R	W
જોફ્રા આર્ચર	2	0	17	1
નાન્દ્રે બર્જર	2	0	21	2
સંદીપ શર્મા	3	0	26	2
તુષાર દેશપાંડે	2	0	29	1
રવિ બિશ્નોઇ	2	0	25	2

એશિયન બોક્સિંગ : મીનાક્ષી, જાસ્મીન, વિશ્વનાથ અને સચિન ફાઈનલમાં

ઉલાનબાતર, તા. 07 (પીટીઆઈ) : વર્તમાન વિશ્વ ચેમ્પિયન જાસ્મીન લેમ્બોરિયા અને મીનાક્ષી હુડા એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચતા ગોલ્ડ મેડલ માટે સ્પર્ધા કરતા ભારતીય બોક્સરોની સંખ્યા આઠ થઈ ગઈ છે. વિશ્વનાથ સુરેશે 50 કિગ્રા અને સચિન સિવાચે 60 કિગ્રાની કેટેગરીમાં ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. મહિલાઓની 48 કિગ્રા સેમી ફાઇનલમાં, મીનાક્ષીએ થાઈલેન્ડની થિપ્સાચા યોદવારીને 4-1થી હરાવી અને હવે તેનો સામનો સ્થાનિક બોક્સર નોમુંદરી અંખ અમગલાન સાથે થશે. જાસ્મીને 57 કિગ્રા સેમી ફાઇનલમાં ઉઝબેકિસ્તાનની નિજીના ઉક્તામોવાને 3-2થી હરાવી અને હવે તે થાઈલેન્ડની પુનરાવી યુનરૂસ સામે રમશે. પુરુષોની કેટેગરીમાં વિશ્વનાથે જોર્ડનના હુતૈફા એશીશને 5-0થી હરાવ્યો. વર્લ્ડકપ મેડલ વિજેતા સચિને થાઈલેન્ડના સકદા રુઆમથમને 4-1થી હરાવ્યો. આકાશ ઉઝબેકિસ્તાનના જાવોખિર અબ્દુરાખીમોવ સામે 1-4થી હારી ગયો હતો.

આજનું પંચાંગ

તા. 08/04/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** ચૈત્ર
તિથિ: વદ: છઠ:19:02
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ચૈત્ર: 18
યોગ : વરિયાન **કરણ:** વિષ્ટી
નક્ષત્ર : મૂળ નક્ષત્ર વૃદ્ધિ છે મૂળમાં જન્મેલાની શાંતિ કરાવવી **રાશિ:** ધન (ભ,ધ,ફ,ઢ)
દિવસ : મિશ્ર
સુરતમાં સૂર્યોદય : 06:27 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:54
નવકારસી : 07:15
પારસી વર્ષ : 1395 આવા માસનો 27મો રોજ
મુસલમાન વર્ષ : 1447 શવ્વાલ માસનો 19મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ,
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે: 12:00 થી 13:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): આવક વધારવાની તક ઊભી થાય. ઉઘરાણી આવી શકે છે. પરિવારમાં તાલમેળથી સમસ્યાનું સમાધાન થાય. ખર્ચા વધશે.

વૃષભ (બ,વ,ઉ,): હકારાત્મક વિચારો અને કામ તરફનો લગાવ અચાનક નવી તક પેદા કરશે. વિવાદથી બચવું.

મિથુન (ક,છ,ઘ,): ઉતાવળમાં કોઇ નિર્ણય લેવા નહીં. પડવા-વાગવાથી પ્રવાસમાં ધ્યાન રાખવું. વિદેશથી શુભ સમાચાર મળે.

કર્ક (ડ,હ,): નવા રોકાણ થાય. મિત્રો સાથે સમાજ સેવા થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રેમમાં પ્રગતિ થાય.

સિંહ (મ,ટ,): કાર્યસ્થળ પર નવા ફેરફાર થાય. અનુકૂળતા વધે. સામાજીક કામ થાય. નોકરીમાં સામાન્ય અને ધંધામાં આવક વધે.

કન્યા (પ,ઠ,ણ,): કાયદા કાનૂન બાબતે પ્રગતિ થાય. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. ધર્મ-કર્મથી શાંતિ મળે. વિદેશનાં કામ થાય.

તુલા (ર,ત,): જૂનાં દર્દો પરેશાન કરે. શત્રુઓથી સાવધાન અચાનક સરકારી સમસ્યાથી અશાંતિ વધશે.

વૃશ્ચિક (ન,ય,): પરિવારમાં ઉત્સવ જેવું રહે. ધંધા માટે નવી યોજના બને. રોજના કામ સરળ રહે. આવક વધશે.

ધન (ભ,ધ,ફ,ઢ,): આરોગ્ય નરમ-ગરમ રહે. હરિફોની પીછેહઠ થાય. સરકારી કામમાં પ્રગતિ થાય. ખર્ચા વધશે.

મકર (ખ,જ,): ઉચ્ચ શિક્ષણ અને ઇન્ટરવ્યુ માટેની હકારાત્મક પ્રગતિ થાય. નવા રોકાણ થાય. પ્રેમમાં સાથ મળે.

કુંભ (ગ,સ,શ,ષ,): નોકરીની તલાશ પૂર્ણ થાય. ધંધામાં આવક વધે. ઘરમાં નવા મનગમતા ફેરફાર થાય.

મીન (દ,ચ,ઝ,થ,): મહત્ત્વની મુલાકાત સફળ રહે. કોઇ હરીફાઇમાં ઇનામ મળી શકે છે. શુભ સમાચાર મળે.

કોઇ પણ સાલમાં 08 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નવી ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે જવાબદારી વધે દોડધામ વધે. પ્રમોશન થાય આવક વધે. હરીફો પર ભારે પડી શકો છો. સમાજમાં મોભો વધે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવે નવા રોકાણ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમા પ્રગતિ થાય. વિદેશનાં કામમાં ગતિ આવે ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. મિત્રો-વડીલોની મદદ આવક વધારવાની યોજના અને સંતાનોનાં અભ્યાસ કેરીયરમાં મળતી રહે. નવાં ઘર, વાહન, મકાન, મિલકત, વારસા, જાયદાદ, જમીન અને કાયદાકીય બાબતના પ્રશ્નો હલ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. વર્ષ દરમિયાન નવાં ફેરફારનો લાભ મળતો રહે. યાત્રા પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. ડિસેમ્બર-જાન્યુઆરી-ફેબ્રુઆરી, શુક્ર-શનિવાર, 8,17,26 તારીખે નવાં કામ કરવાં. કાળો અને ભૂરો રંગ વાપરતા રહેવું. માર્ચ એપ્રિલ બુધવાર, 2, 16, 25 તારીખે નવાં કામ કરવા નહીં. સોનેરી રંગનો ઉપયોગ ટાળવો.

સુડોકુ

૯			૧			૪		
૨		૫	૭	૪		૬	૯	૮
	૪		૮			૩		૫
				૧	૮	૭		
૪	૫		૯	૩			૨	૧
૬		૧				૫	૩	
	૯	૩		૨	૭			૬
૧	૬	૪		૮	૯	૨		૭
		૨	૬			૯	૪	૩

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ઉનાળાનું અમૃત

ઉનાળાનું ચોથું અમૃત! તીખી, રડાવતી ડુંગળી, ગમે તેટલી લૂ લાગે, તેને જાય છે ગળી.